# ધોરણ - 7 ગુજરાતી

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| G701 | વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાંચન કરી તેને સમજે છે. અને સર્જન કરે છે. | • શિક્ષકે વાર્તાઓ, કાવ્યો, વકતવ્યો, સંવાદો અને પ્રસંગોની વિદ્યાર્થીની સમક્ષ રજૂઆત કરવી અને વિદ્યાર્થીઓને રજૂઆત કરવા પ્રોત્સાહિત કરવા.<br>• શિક્ષકે ચિત્રમાં રહેલ તફાવત વિદ્યાર્થીઑ પાસે શોધાવશે અને વાર્તા લેખન કરાવશે.<br>• શિક્ષક પ્રાર્થનાસભા અને વર્ગખંડમાં બાળવાર્તા તથા પ્રેરક પ્રસંગોની પોતાના વિચારો અને અનુભવો અને મંતવ્યો હાવભાવ સાથે રજૂઆત કરવા પ્રોત્સાહિત કરશે.<br>• બાળસભામાં વાર્તા, વક્તવ્ય, કાવ્યલેખન, વિચાર – વિસ્તાર જુથચર્ચા, તેમજ સ્વતંત્ર રજૂઆત જેવુ વિવિધ આયોજન કરવું. |
| G702 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત, વકતવ્યો, ચર્ચા સમજે અને યોગ્ય હાવભાવ સાથે સહજ રીતે રજૂઆત કરે છે. | • શિક્ષકે વિદ્યાર્થીઓને ઘર, વર્ગખંડ, પ્રાર્થનાસભા, મુલાકાત સમયે બોલી શકે અને પ્રશ્નોત્તરી કરી શકે તે માટે પ્રોત્સાહિત કરવા.<br>• શિક્ષક વિદ્યાર્થીઓની વિવિધ સમિતિઑ બનાવી કાર્ય સોંપણી કરે. (ઉદા, પ્રાર્થના સમિતિ, મધ્યાહ્ન ભોજન સમિતિ ) |
| G703 | રમતો, પ્રવૃતિઓ, મુલાકાત, પ્રોજેક્ટકાર્ય દ્વારા સમજ કેળવે છે. અને અહેવાલ તૈયાર કરે છે. | • ઈંટરવ્યૂય, પ્રોજેક્ટકાર્યજેવી પ્રવૃતિઓનું આયોજન કરવું.<br>• શિક્ષકે વિદ્યાર્થીઓને મેળા અને ઉત્સવની મુલાકાત કરાવવી વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા વિવિધ પ્રકારની માહિતી મેળવે તે માટે પ્રોત્સાહિત કરવા. |
| G704 | કિશોર સાહિત્ય અને લોકસાહિત્યની કૃતિઓ અને નાટકો સાંભળી, વાંચી સમજે છે. તેમજ કથાના સંવાદ રજૂ કરે છે. | • શિક્ષક વિદ્યાર્થીઓને કિશોર સાહિત્ય અને લોકસાહિત્યની કૃતિઓ હાવભાવ સાથે કહેવી અને વિદ્યાર્થીઓને પણ તેના વાંચન માટે પ્રોત્સાહિત કરવા.<br>• ગદ્યનું યોગ્ય આરોહ અવરોહ અને વિરામચિહ્નોનો ઉપયોગ કરીને આદર્શ વાંચન કરાવવું. |
| G705 | દૃશ્ય શ્રાવ્ય સાધનો ( રેડિયો, ટી.વી., ઓડિયો- વિડીયો ફિલ્મ) અને આધુનિક ઇન્ફોર્મેશન ટેક્નોલૉજીની મદદ થી મળતી માહિતી સમજીને તારણો કાઢે છે. | • શિક્ષકે મોબાઈલ, કમ્પ્યુટર દ્વારા વિવિધ માહિતીની કઈ રીતે આપ- લે કરી શકાય તેની પ્રવૃતિ સાથે સમજ આપવી.<br>• શિક્ષક અથવા ટી.વી. મોબાઈલ, ટેપ કે મીનામંચ દ્વારા વિદ્યાર્થી વાતો સંભળાવી કે વાતોનુ લેખન વિદ્યાર્થીઓએ પાસે કરાવવું. |
| G706 | મોબાઇલ દ્વારા એસએમએસ તથા ન્યૂઝ રિપોર્ટનુ નિર્માણ કરી તેનું આદાન પ્રદાન કરી શકે છે. | • ઉદા. મેસેજ, ઇ- મેઈલ કઈ રીતે મોકલી શકાય<br>• વિદ્યાર્થી શિક્ષક કે વાલી પાસેથી એસએમએસ અને ઇ- મેઈલ મોકલવાની પ્રક્રિયા સમજે. |

DRAFT

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| G707 સમાચાર પત્રો સામયિકો રેલવે, બસ સમયપત્રક, કોષ્ટક, ટાઈમટેબલ વગેરે જેવી વિગતો વાંચે છે તથા જરૂરી વિગતો તારવે છે. | • શિક્ષક વિદ્યાર્થીઓને રેલવે-બસ ટાઈમટેબલની સમજ આપવી.<br>• વિદ્યાર્થીઓએ પાસે સમાચારપત્રો અને સામયિકોનુ વાંચન કરાવવું. |
| G708 વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે વ્યવહારમાં મેળા- ઉત્સવોમાં ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે. | • શિક્ષક વિદ્યાર્થીઓને પ્રવાસ મુલાકાત, તથા વિવિધ પ્રોજેકટ કાર્ય દરમિયાન મેળવેલ અનુભવોની રજૂઆત કરવા પ્રોત્સાહિત કરશે.<br>• શિક્ષક કોઈ ઘટના અંગે પ્રશ્નોત્તરી કરશે અને વિદ્યાર્થીઓને આપેલા પ્રશ્નોની જવાબની ચર્ચા કરશે.<br>• શાળામાં ઉજવાયેલ તહેવારો કે પ્રસંગોને લગતા પ્રશ્નો પૂછવા તથા તેનો જવાબ આપે તે માટે પ્રોત્સાહિત કરવા<br>• શિક્ષકે વિદ્યાર્થીઓને મેળા અને ઉત્સવોની મુલાકાત કરાવવી વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તરી દ્વારા વિવિધ પ્રકારની માહિતી મેળવે તે માટે પ્રોત્સાહિત કરવા. |
| G709 આશરે 4000 જેટલા શબ્દો જાણે છે. અને શબ્દકોશ, જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ, બાળકોશ નો ઉપયોગ કરે છે. | • શિક્ષકે વિદ્યાર્થીઓને જોડણીના નિયમો સમજાવવા.<br>• શિક્ષકે વિદ્યાર્થીઓને વ્યાવહારિક વ્યાકરણની સમજ આપવી.<br>• પ્રાર્થના સભામાં અવનવું રજૂ કરવા માટે વિદ્યાર્થીઓને શબ્દકોશનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવું.<br>• શિક્ષકે વિદ્યાર્થીઓના જુથ પાડી વ્યાકરણ સંદર્ભે રમતો કરાવવી.. |
| G710 વિશેષ વ્યક્તિ, સંસ્થા, પરિચિત પ્રસંગો સ્થળો ની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે. | • વિદ્યાર્થીઓને જાહેર સ્થળોની અને સંસ્થાનોની મુલાકાત કરાવશે અને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી મેળવી તેવી પરિસ્થિતિનું નિર્માણ કરશે.<br>• શબ્દ આપી વાક્યની રચના કરાવવી તથા જુદા જુદા વાક્યો દ્વારા અર્થપૂર્ણ ફકરાનું નિર્માણ કરાવવું.<br>• પુસ્તકમાંના એકમના કવિઓ અને લેખકોનો પરિચય લખવા માટે વિદ્યાર્થીઓને એકમ ફાળવી આપશે.<br>• વિદ્યાર્થીઓ પાસે પ્રિય વ્યક્તિ, સ્થળ વિશે લેખન કરાવે. |
| G711 સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોનાં જવાબ લખે છે. | • ફકરા કે વાર્તા આપી તેમાંથી પ્રશ્નોત્તરી કરાવવી.<br>• જોયેલું કે અનુભવેલું માંથી વિગતો પૂછવી. |
| G712 જોયેલી સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્ય પુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ | • શિક્ષક આદર્શ વાંચન કરશે, કરાવશે અને તે આધારિત પ્રશ્નોત્તરી કરાવશે. |

| | અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | કાઢી પ્રશ્નોનાં જવાબ લખે અને કાર્યકારણ સબંધોને આધારે વધારે માહિતી મેળવવા " શા માટે ? " કેવી રીતે " જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે. | |
| G713 | ટૂચકાઓ, કિસ્સાઓ જાતે બનાવી ક્રમશ : રજૂ કરશે અને જૂથચર્ચા અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભાગ લઈ રજૂઆત કરે છે. | • શિક્ષક જીવનમાં બનતા રોજબરોજના બનાવો માંથી હાસ્ય પ્રસંગો શોધતા શીખવશે<br>• જૂથચર્ચા અને પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરશે. |
| G714 | યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વાતચીત, ઘટના કે પ્રસંગનું વર્ણન લખી શકે છે. | • વિદ્યાર્થીઓને વિરામચિહ્નો તથા જોડણીની સમજ આપી શ્રુતલેખન અને અનુલેખન ની સ્પર્ધાનું આયોજન કરવું તથા વિદ્યાર્થીઓને સુંદર લેખનના નમૂના પૂરા પાડવા પ્રોત્સાહિત કરવા. |
| G715 | કાવ્ય મુખપાઠ, કાવ્ય પૂર્તિ,, વિચાર વિસ્તાર, સુક્તિ, કહેવતો સમજે છે અને લખે છે. | • કાવ્ય નું આદર્શગાન – પઠન કરાવવું<br>• કાવ્ય પ્રકારોની સમજ આપવી.<br>• શબ્દ આપી વાક્યની રચના કરાવવી તથા જુદા જુદા વાક્યો દ્વારા અર્થપૂર્ણ ફકરાનું નિર્માણ કરાવવું. |
| G716 | સ્વતંત્ર લેખન કરે છે.(મુદા પરથી વાર્તા, કાવ્ય, ઉખાણાં, વિવિધ પત્રો, નિબંધ લેખન, અરજી લેખન, અહેવાલ, પ્રેસનોટ, પ્રવાસ વર્ણન, આત્મકથા ડાયરી વગેરે ) લખે છે. | • પુસ્તકમાંના આ એકમના કવિઓ અને લેખકોનો પરિચય લખવા માટે વિદ્યાર્થીઓને એકમ ફાળવી આપશે.<br>• વિદ્યાર્થી એ દિવસ દરમિયાન શું શું કર્યું ? તેની નોંધ લખવા પ્રેરણા આપશે.<br>• વિદ્યાર્થી ઓ પાસે પ્રિય વ્યક્તિ સ્થળ વિષે લેખન કરાવે.<br>• પ્રવસ દરમિયાન વધારે શું પસંદ પડ્યું હોય ત સ્થળ વિષે નોંધ લખવા પ્રોત્સાહિત કરશે.<br>• વિવિધ પત્રો, પ્રવસ વર્ણન, શ્રેષ્ઠ આત્મકથાઓ વિશે જણાવો.<br>• શાળામાં ઉજવાતા ઉત્સવો વિશે નોંધ લખવા તે પ્રેસનોટ લખાવી તેમજ મૂંઝવણની રજૂઆત કરે.<br>• વિદ્યાર્થીઓને વિરામચિહનો તથા જોડણી ની સમજ આપી શ્રુતલેખન અને અનુલેખન ની સ્પર્ધા નું આયોજન કરવું તથા વિદ્યાર્થીઓને સુંદર લેખનના નમૂના પૂરા પાડવા અને પ્રોત્સાહિત કરવા. |
| G717 | બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે. અને ઉપયોગ કરે છે., | • જુદી જુદી વસ્તુઓના બિલ રિસીપ્ટ રેપર્સ પર છાપેલ માહિતીની સમજ આપવી. |
| G718 | સ્થાનિક સમસ્યાઓ કે સાંભળેલી સારી- નરસી બાબતો કે વ્યક્તિગત મૂંઝવણ ભરી | • શિક્ષક વિદ્યાર્થીઓને વિચાર પ્રેરક પ્રશ્નો કરે. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | પરિસ્થિતિમાં યોગ્ય ઉકેલ શોધી લખે છે. | • શિક્ષક ચોક્કસ પરિસ્થિતિનું નિર્માણ કરી વિધાર્થીઓની નિર્ણય શક્તિનું માપન કરે ( ઉદા. અકસ્માત સમયે તમે શું કરો ) |
| G719 | સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાકયના પ્રકાર, સંજ્ઞા વિશેષણ, વિરામચિહ્નો, જોડણી સહિત વ્યાવહારિક વ્યાકરણ જાણે છે. અને તેનો ઉપયોગ કરે છે. | • એકમના અંતે એકમમાંથી સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દો, વિશેષણ, સંજ્ઞા વગેરે શોધવા<br>• એકમના અંતે શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરે. |

DRAFT